રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોને સત્રાંતે નિવૃત્તનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ ED/MIS/e-file/3/2024/0422/CH

સચિવાલય, ગાંધીનગર

તા: ઇ-સાઇન મુજબ

વંચાણે લીધાઃ

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પી.આર.ઈ./૧૩૮૮/૨૮૪૨/ક, તા.૩૧/૧૨/૧૯૮૮.

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પી.આર.ઈ./૧૩૮૯/૭૪૩/ક, તા.૨૧/૦૩/૧૯૮૯.

(3) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૦/૨૫૦૭/ક, તા.૨૨/૦૬/૨૦૧૧.

(૪) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૨/૨૦૧૪/૪૦૭૯૬/ક, તા.૦૭/૦૨/૨૦૧૪.

(૫) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૯/પ્રાશિનિ/૨૮૮/ક, તા.૧૫/૦૩/૨૦૨૧.

(૬) નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરીનો પત્ર ક્રમાંક: DPE/**0340/01/2024**, તા.૧૧/૦૧/૨૦૨૪.

પ્રસ્તાવના:

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના ઠરાવથી જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને સત્રાંતે નિવૃત્ત કરવાનું ઠરાવવામાં આવેલ અને ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના ઠરાવથી વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના ઠરાવમાંથી ફકરો-૨ (પુનઃ નિયુક્તિની જોગવાઇ) અને ફકરો-૩ રદ્દ કરી, ફકરા-૨માં, "જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓના પ્રાથમિક શિક્ષકોને તેમની ખરેખર નિવૃતિની તારીખે નિવૃત કરવા અને ત્યારબાદ જે તે સત્રના અંત સુધી ચાલુ રાખવા" અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત વંચાણે લીધેલા ક્રમાંક (3) ના ઠરાવથી, 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯' ની કલમ- ૧૯ અને શિડ્યુલ- ૦૧ ની જોગવાઇઓ મુજબ, રાજ્યમાં મુખ્ય શિક્ષક સંવર્ગની જગાઓ મંજૂર કરેલ છે અને ક્રમાંક (૪) ના ઠરાવથી પ્રાથમિક શાળાના શિક્ષકો/મુખ્ય શિક્ષકોએ બજાવવાની ફરજો નક્કી કરવામાં આવેલ, તેમાં સામાન્ય ફરજોના ક્રમ- ૩૫માં મુખ્ય શિક્ષકને દર અઠવાડિયે ૧૮ તાસ (પિરીયડ)નું શિક્ષણ કાર્ય સોંપવામાં આવેલ છે. ત્યારબાદ, ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૫) ના ઠરાવથી મુખ્ય શિક્ષક, સંવર્ગને 'શૈક્ષણિક સંવર્ગ' ગણવાનું ઠરાવેલ છે.

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૬) ના પત્રથી નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીએ જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોને સત્રાંતે નિવૃતિનો લાભ આપવા બાબતે દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, જીલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોને હાલમાં અમલી જોગવાઈ મુજબ, જેવી રીતે સત્રાંતે નિવૃત્તિનો લાભ આપવામાં આવે છે, તેવી જ રીતે જીલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકોને સત્રાંતે નિવૃત્તિનો લાભ આપવા, આથી ઠરાવવામાં આવે છે.

પ્રસ્તુત ઠરાવ, આ વિભાગની સમાનાંકી ઇ-ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૭/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

E-Sign/-

(અરવિંદસિંહ વાઘેલા)

ઉપસચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા.શિ.મા.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં વિભાગ) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પ્રા.શિ.મા.શિ.) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યાસમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯,ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ. (નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- તમામ શાસનાધિકારીશ્રી, સર્વે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ. (નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂં.
- સિલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Arvindsinh I. vaghela
Under Secretary
Date:2026.05.02
16:46:23 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign